# ડીસામાં તેર વર્ષીય સગીરા પર યુવક દ્વારા પાશવી બળાત્કાર

ડીસા, તા. ૨૭

ડીસાના નહેરૂનગર ટેકરા વિસ્તારમાં એક યુવક દ્વારા આજ વિસ્તારની એક કુમળી વયની કિશોરીને ધાકધમકી આપી પાશવી બળાત્કાર ગુજારાયેલ હોવાની ઘટના પ્રકાશમાં આવેલ છે. આ મામલે પીડિતાની ફરિયાદ આધારે ડીસા ઉત્તર વિભાગની પોલીસે યુવક વિરૂદ્ધ બળાત્કારનો ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

દિલ્હી ગેંગ રેપની સમગ્ર દેશને હચમચાવી નાખનાર ઘટના બાદ થયેલા રાષ્ટ્રવ્યાપી ચેતના અભિયાનમાં બળાત્કાર મામલે કડક કાનુન બનાવવો, પીડિતા અને પીડિત પરિવારને રક્ષણ, સહાય આપવી, સહીતના અનેકો સૂચનોનો ધોધ વહેતો થતા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પણ આવા બનાવો અટકાવવા હૈયાધારણા આપી હતી જો કે થોડા દિવસોના આ ઉન્માદ બાદ બળાત્કારના ગુનાઓ અટકવાની જગ્યાએ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. જેમાં ડીસાના નહેરૂનગર વિસ્તારમાં રહેતી એક શ્રમજીવી પરિવારની માત્ર તેર વર્ષીય કિશોરી પર પાસવી બળાત્કાર થયાની ધૃણાસ્પદ ઘટના બહાર આવેલ છે.

આ ઘટનાની ડીસા ઉત્તર પોલીસ પાસેથી મળેલી વિગતો જોતા ડીસાના નહેરૂનગર ટેકરા વિસ્તારમાં રહેતા રમેશજી તરસંગજી ઠાકોર નામના યુવકે પાંચ દિવસ અગાઉ રાત્રીના ૯.૦૦ કલાકે પોતાના ઘેર જતી આ કિશોરીને આંતરી તેનો હાથ પકડ્યો હતો. તે બાદ માર-મારવાની ધમકી આપી આ નરાધમ યુવક બળજબરીપૂર્વક કિશોરીને નજીકના અવાવરૂ વિસ્તારમાં ખેંચી લઈ ગયો હતો અને તે બાદ આખી રાત તેને ગોંધી રાખી બે વાર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. વળી આ યુવકે રાતભર ભયના ઓથાર નીચે પારેવડાની માફક ધ્રૂજતી આ કિશોરીને 'આ બાબત કોઈને કહેવાની નથી કે બુમ પાડવાની નથી નહીંતર તારી લાશ પાડી દઈશ.' તેવી ધમકી આપી હતી. જેથી આ કિશોરી ચુપ રહી ભયથી તેના તાબે થતા આરોપી એવા રમેશ ઠાકોરે તેને ભીલડી અને તે બાદ થરા લઈ જઈ ગોંધી રાખી હતી. જો કે થરાથી કિશોરીના કોઈ સગા તેને જોઈ જતા આ કિશોરીને ડીસા લાવી પરિવારજનોને સોંપી હતી. જે બાદ ગત મોડી રાત્રીએ ભોગ બનનાર કિશોરીની કેફિયત આધારે ડીસા ઉત્તર પોલીસમથકના પી.આઈ. જે.ડી. સુતરીયાએ આરોપી રમેશ તરસંગજી વિરૂદ્ધ જાનથી મારી નાંખવાની ધમકી, અપહરણ અને બળાત્કાર મુજબનો ગુનો દાખલ કરી આરોપી શોધવા તજવીજ હાથ ધરી છે.

## સાબરકાંઠા જિલ્લામાં બે અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે સર્જાયેલા બે અલગ અલગ અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. બનાવ અંગે જે તે પોલીસમથકે રવિવારે સાંજે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત અનુસાર મોડાસા તાલુકાના મુલોજ ગામ નજીક રવિવારે સવારે ૧૦ વાગેના સુમારે મુલોજ ગામના સોમાભાઈ ભાયચંદભાઈ ખાંટ પોતાનું ટ્રેક્ટર લઈને મુલોજ તરફ આવી રહ્યા હતા. દરમિયાન ટ્રેક્ટર અચાનક રસ્તામાં આવતું વાગામાં અચાનક પલટી ખાઈ ગયેલ, પરિણામે અંદાજે ૩૫ વર્ષીય સોમાભાઈ ખાંટને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસમથકે લક્ષ્મણભાઈ ગમાભાઈ ખાંટે રવિવારે સાંજે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે બીજો અકસ્માત ભિલોડા તાલુકાના ઝીઝુડી ગામ નજીક શનિવારે રાત્રીના ટ્રક અને બાઈક વચ્ચે થયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલક નવા ગામ (ધનેલા)ના આનંદકુમાર રમેશભાઈ નીનામાનું શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી ટ્રકચાલક ટ્રક મુકી નાસી ગયો હતો. અકસ્માત અંગે રવિવારે સાંજે ભિલોડા પોલીસમથકે રમેશભાઈ ગલબાભાઈ નીનામાએ ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસાના લુણપુર ગામે પરિણીતાને ત્રાસ આપનાર સાસરિયા વિરૂદ્ધ ફરીયાદ

ડીસા, તા. ૨૭

ડીસાના લુણપુર ગામે પરણાવેલી એક પરિણીતાને દહેજ મામલે તેના સાસરીયાઓ દ્વારા શારરિક અને માનસિક ત્રાસ અપાતો હતો. આ પરિણીતાએ તે બાદ પતિ, સાસુ, સસરા સહીત પાંચ સામે દહેજ માંગણી અને ત્રાસની ફરિયાદ આપતા ચકચાર ફેલાયો છે.

આ અંગેની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના લુણપુર ગામે રહેતી પરિણીતા જનાબેન પથુજી ઠાકોરને તેના સાસરીયા દ્વારા દહેજ મામલે અવાર-નવાર ત્રાસ અપાતો હતો અને પિયરપક્ષમાંથી દહેજ પેટે રૂ. એક લાખ લઈ આવવા દબાણ કરાતું હતું. જો કે તે બાદ આ મહિલા હિંમત કરી ડીસા તાલુકા પોલીસમથકે પહોંચી હતી અને તેને ત્રાસ આપતા પતિ પથુજી ઠાકોર તથા અન્ય સાસરીયા મેતાજી ઠાકોર, ઝેનીબેન ઠાકોર, અલ્પેશ ઠાકોર, મોદજી ઠાકોર સામે દહેજ ધારા અને ત્રાસની ફરિયાદ નોંધાવી હતી જેની વધુ તપાસ ડીસા તાલુકા પોલીસ ચલાવી રહી છે.

## હિંમતનગરમા ડાક તથા પેન્શન અદાલત યોજવામાં આવશે

હિંમતનગર, તા. ૨૭


સાબરકાંઠાના હિંમતનગર મુકામે મુખ્ય પોસ્ટ ઓફિસના પહેલા માળે ટપાલ સેવાને લગતા પ્રશ્નો તથા પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોના નિકાલ માટે ડાક અને પેન્શનના અદાલતનું તા. ૨૪મી જૂન-૨૦૧૩ના રોજ ૩ વાગે આયોજન કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ખાસ કરીને સાદી ટપાલ, મનીઓર્ડર, વી.પી. પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેંક, નાણાંકીય ગોલમાલ તથા પોસ્ટ પેન્શનને લગતા પ્રશ્નો ચર્ચવામાં આવશે. તથા નિતિ વિષયક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. તો દરેક સંબંધકર્તાને તેમના મુંઝવતા પ્રશ્નો અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા, હિંમતનગરને મળે તે રીતે ૧૫મી જૂન પહેલા મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

## ઝાક ગામના દાદુરામ મંદિરના મહંતશ્રી બ્રહ્મલીન થયા

દહેગામ, તા.૨૭

દહેગામ તાલુકાના ઝાક ગામના પ્રખ્યાત દાદુરામ મંદિરના સંતશ્રી ભીમારામ બાપુ તા. ૨૫-૫-૨૦૧૩ને પુમનના રોજ બ્રહ્મલીન થયા. તેની જાણ



થતાં તેમના ભક્તજનો અને અનુયાયીઓ તથા સમગ્ર ઝાક ગામ ખુબ જ મોટી સંખ્યામાં તેમના દર્શનાર્થે ઉમટી પડયા હતાં. ત્રણ કલાક સુધી સંતશ્રીની અંતિમ વિદાયમાં હાજર રહી સમાધિ પૂર્વક વિદાય આપી હતી. સંતશ્રીનો ભંડારો (સોળસી) તા. ૯-૬-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી દાદુરામ મંદિર ભકત મંડળ, મુ. ઝાક, તા.દહેગામ ખાતે રાખેલ છે. તથા રાત્રે સંતવાણી અને રામદેવપીરનો જયોતપાઠનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. આ અંગે ઝાક ગામના સરપંચશ્રીએ અખબારી યાદીમાં જણાવેલ હતું.

## તલોદમાં ખેડૂત શિબિર યોજાઈ

તલોદ, તા.૨૭

તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તથા તલોદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા આયોજિત અને ઝીબ્રા ઓર્ગેનિક ફર્ટીલાઈઝર એન્ડ કેમીલ્સ દ્વારા અમદાવાદના સૌજન્યથી તલોદ માર્કેટ યાર્ડમાં ખડૂત શિબિર યોજાઈ હતી. ખેડૂતો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. દાંતીવાડી કૃષિ યુનિવર્સિટીના શ્રી જે.બી. પટેલ, જે.સી. પટેલ, પી.એસ. પટેલ તેમજ આમંત્રિતો હાજર રહ્યા હતા. કપાસ, એરંડાની ખેતી વિશે સમજ આપી તેની માહિતી આપી હતી તથા દાડમની ખેતી વિષે પણ સમજ આપવામાં આવી હતી. જિલ્લા ખેતીવાડી અધિકારી, તલોદ ખેતીવાડી અધિકારી, સેવા સહકારી મંડળીના ચેરમેનશ્રી બાબુભાઈ પટેલ, મેનેજરશ્રી સતિષભાઈ પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડીસામાં તસ્કરોનો રંજાડ યથાવત : પોલીસ મથકના ૨૦ ફૂટ દૂર રૂ. ૫૦,૦૦૦ની કરી ચોરી



ડીસા, તા.૨૭

ડીસામાં વીરેન પાર્કમાં અંદાજીત બે લાખની ચોરી કરી પલાયન થયેલ તસ્કરોની ભાળ મેળવવા દોડતી ડીસા દક્ષિણ વિભાગ પોલીસને ગત રાત્રે એક નવી જાણે ચેલેન્જ આપી હોય તેવી ચોરીનો બનાવ પ્રકાશમાં આવેલ છે. અને આ મામલે દુકાન માલિકની ફરિયાદ આધારે દક્ષિણ પોલીસે આ ગુનાની તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની મળતી વિગતો જોતા ડીસા દક્ષિણ વિભાગ પોલિસની દીવાલથી માંડ ૧૫ ફૂટ નજીક આવેલી એક દુકાનના તાળા તોડી અજાણ્યા તસ્કરોએ ગત મોડી રાત્રે ત્રણ ટીવી તેમજ અન્ય સામાન મળી કુલ રૂ. ૫૦,૦૦૦ની ચોરીને અંજામ આપેલ છે. આ ચોરીની વહેલી સવારે દુકાન માલિક હિતેશ પરમારને જાણ થતા તેઓએ આ મામલે ડીસા દક્ષિણ પોલિસ મથકમાં ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરેલ છે.

જો કે આ ચોરીઓ કોઈ સ્થાનિક ગુનાહિત પ્રવૃત્તિ વાળા ઈસમો કે પછી કોઈ રીઢા તસ્કરો દ્વારા આચરાઈ રહી છે તેની દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. કે.ડી. નીકુમે તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાં ધાબા પરથી પડી જતા પોલીસકર્મીનું મોત

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર્સમાં સોમવારે વહેલી સવારે ધાબા પર સુઈ રહેલ પોલીસ કર્મી પાણી પીવા જતા ધાબા પરથી નીચે પડી ગયેલ જેનું શરીરે ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર ટાઉન પોલીસ મથકેથી મળેલ વિગતો મુજબ મોડાસા તાલુકાના સરડોઈના વતની અને હિંમતનગર ખાતે આવેલ જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે આવેલ હેડ ક્વાટ્ર્સ ખાતેના ક્વાટર્સ નંબર ૯માં રહેતા બાવન (૫૨) વર્ષીય પોલીસ કોન્સ્ટેબલ-મૂળશંકર મુરારદાસ પંડ્યા રવિવારે રાત્રીના ધાબા પર સુઈ ગયેલ અને સોમવારે સવારે ૫ વાગેના સુમારે પાણી પીવા ઉભા થયા હતા જે પાણી ધાબાની પાળી પર મુકેલ તેથી પાણી પીવા જતા અચાનક પોતાનું સમતોલન ગુમાવી દેતા ધાબા પરથી નીચે પટકાયા હતા. પરિણામે શરીરે ગંભીર ઈજાઓ થતા મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે તેમના પુત્ર સુનીલકુમાર મૂળશંકર પંડ્યાએ જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજના લીમડા અને કરોલ ડેમમાં પાણી ભરાતાં ખેડૂતોમાં ખુશાલી છવાઈ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ તાલુકામાં આવેલા લીમડા ડેમ અને કરોલ ડેમમાં સુજલામ-સુફલામ નહેર દ્વારા પાણી ભરવામાં આવલા આસપાસ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોમાં ખુશી છવાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજના કમાલપુર ખાતે કૃષિરથનું આગમન થયું હતું. તે દરમ્યાન કમાલપુર, લીમલા, વડવાસાના સરપંચો અને ગ્રામજનોએ રાજકીય આગેવાનો અને તંત્રના અધિકારીઓને પાણીના મુદ્દે ધારદાર રજૂઆત કરી હતી. પાણીના આ મુદ્દાની ગંભીરતાથી અધિકારીઓએ નોંધ લીધી હતી. અને લીમલા ડેમ અને કરોલ ડેમમાં નહેર દ્વારા પાણી છોડવામાં આવ્યું હતું. બંને ડેમમાં પાણી આવતાં તાલુકાના ગ્રામજનો અને ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. તેમજ ભર ઉનાળામાં ડેમમાં પાણી આવતાં લોકોના ટોળા ડેમ ઉપર ઉમટી પડ્યા હતા. લીમલા ડેમમાંથી કેનાલ દ્વારા કરોલ ડેમમાં પાણી ભરવામાં આવ્યું હતું. ઉનાળામાં બંને ડેમ ભરાતાં પાણીના સ્તર ઉંચા આવશે અને સુજલામ સુફલામ નહેર દ્વારા નાના-મોટા ખેડૂતોને પણ રાહત મળશે.

## રાયગઢ સ્ટેન્ડ નજીક અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ સ્ટેન્ડ નજીક સોમવાર સવારે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકનું ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે ગાંભોઈ પોલીસ મથકે મૃતકના ભાઈ હરજીભાઈ પ્રેમજીભાી નીનામાએ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંભોઈ પોલીસ મથકે મળેલ વિગત મુજબ સાબકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પાલ ચિતરીયા ગામના અને હિંમતનગર તાલુકાના રાયગઢ ખાતે આવેલ એન.જી. જોશી હાઈસ્કુલમાં સેવક તરીકે ફરજ બજાવતા ૪૩ વર્ષીય ગોવિંદભાઈ પ્રેમજીભાઈ નીનામા જેઓ હાલ હાઈસ્કુલમાં વેકેશન હોવાથી સ્કુલ બંધ હતી પરંતુ કોઈ કામઅર્થે સોમવારે સવારે પાલ ચિતરીયાથી બાઈક લઈને રાયગઢ સ્કુલમાં આવી રહ્યા હતા. દરમિયાન ૭ વાગેના સુમારે રાયગઢ સ્ટેન્ડ હાઈવે ચાર રસ્તા પર કોઈ અજાણી સફેદ કલરની કાર એ બાઈકને ટકકર મારી નાસી ગયેલ પરિણામે બાઈક ચલાવતા ગોવિંદભાઈ પ્રેમજીભાઈ નીનામાને શરીરે અને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. જેમને ૧૦૮ દ્વારા ગાંભોઈ સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજમાં સમૂહ યજ્ઞોપવિત યોજાયો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સાતમો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર વિધિ અને બ્રહ્મસમાજ ચોર્યાસી ગતરોજ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજની વાડીમાં યોજાયો હતો.

પ્રાંતિજ ખાતેના સમગ્ર બ્રહ્મસમાજનો સાતમો સમૂહ જનોઈ (યજ્ઞો પવિત) સંસ્કાર વિધિમાં ૭ બટુકોએ યજ્ઞોપવિત દેવની તથા બ્રાહ્મણ અને માતાપિતાની હાજરીમાં સમાજના તથા સગાસંબંધીઓની હાજરીમાં જનોઈ ધારણ કરી હતી જેમાં બ્રહ્મસમાજના બટુકોમાં યજ્ઞ પવિત્ર વિધિમાં જોડાયા હતા. તેવો ધ્રુવ કલ્પેશકુમાર જોષી, હર્ષ દેવદત્ત અનિરૂદ્ધભાઈ ભટ્ટ, જુગલ દેવદત્ત અનિરૂદ્ધભાઈ ભટ્ટ, જય અજીતભાઈ જોષી, તરૂણ અજીતભાઈ જોષી, કુણાલ શંભુભાઈ રાવલને યજ્ઞોપવિત ધારણ કરી હતી. આ પ્રસંગે સમાજને દાન આપનાર દાતાઓનું સન્માન સમગ્ર સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. અને બટુકોને પણ જુદા જુદા દાતાઓ દ્વારા ભેટ સોંગાદો આપવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખ મધુભાઈ રાવલ, મહામંત્રી જીતુભાઈ રાવલ, ઉપપ્રમુખ યોગેશભાઈ રાવલ, મંત્રી રાકેશ જોષી, સહમંત્રી પ્રકાશભાઈ જોષી, કોષાધ્યક્ષ મનીષભાઈ પંડ્યા વગેરે લોકોએ સમગ્ર પ્રસંગનું ખુબજ સુંદર રીતે આયોજન કર્યું હતું અને બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મભોજન લેવામાં આવ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮